# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - 3

### જવાબપત્ર - 3

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. ગુણાતીતાનંદ સ્વામી ઈચ્છતા હતા કે દુનિયામાં સત્સંગ ..................... ફેલાય.
**(૧) પાંદડે - પાંદડે** (૨) દરેક ખંડમાં (૩) દરેક ઘરમાં — ૧. [ ૧ ]

૨. ભગવાન સ્વામિનારાયણે કયા ગ્રંથો આપ્યા ?
(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(3) બંને** — ૨. [ 3 ]

૩. ભક્તો જંગલમાં, ગુફામાં કે પર્વતની ટોચે શેનો અનુભવ કરતા ?
(૧) ભક્તિનો (૨) મોક્ષ/મુક્તિનો **(3) શાંતિનો** — ૩. [ 3 ]

૪. 'અક્ષરવાટ' એટલે કોના દ્વારા શ્રીજી મહારાજનું પ્રગટપણું ?
**(૧) ગુણાતીત ગુરુપરંપરા** (૨) ધર્મ પરંપરા (૩) વંશ પરંપરા — ૪. [ ૧ ]

૫. 'બધાનાં નામ પાડનાર તો ભગવાન જ છે.' એમ કોણે કહ્યું ?
**(૧) મુક્તાનંદ સ્વામી** (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) શ્રીજી મહારાજ — ૫. [ ૧ ]

૬. અસેવા તે શું ?
(૧) અયોગ્ય સેવા (૨) ઈચ્છા પ્રમાણે સેવા **(3) અવગુણ લેવો** — ૬. [ 3 ]

૭. 'ગુણાતીતં ગુરું પ્રાપ્ય.........' આ શ્લોક ક્યારે બોલવાનો હોય છે ?
(૧) પૂજામાં (૨) જમતાં પહેલાં — ૭. [ 3 ]
**(3) ધ્યેય મંત્ર અને પૂર્ણાહુતિ શ્લોક**

૮. પરમહંસ તરીકે કેટલા સાધુઓને ભગવાન સ્વામિનારાયણે દીક્ષા આપી ?
(૧) ૫૦૦ (૨) ૧૦૦૦ **(3) 3000** — ૮. [ 3 ]

૯. ઘનશ્યામ પ્રભુના માતાનું નામ શું હતું ?
**(૧) ભક્તિદેવી** (૨) શારદા દેવી (૩) સુવાસિની — ૯. [ ૧ ]

૧૦. બી.એ.પી.એસ. સંસ્થાના મુખ્ય શાસ્ત્ર કયા ?
(૧) વચનામૃત, સ્વામીની વાતો (૨) વચનામૃત, શિક્ષાપત્રી — ૧૦. [ 3 ]
**(3) વચનામૃત, સ્વામીની વાતો, શિક્ષાપત્રી**

૧૧. આરતીની રચના ક્યાં કરવામાં આવી ?
(૧) વડતાલ **(૨) કાલવાણી** (૩) જુનાગઢ — ૧૧. [ ૨ ]

**૧૨.** આરતીમાં 'પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે' પછી કઈ પંક્તિ આવે ?

(૧) નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુધારી,
પામર પતિત ઉધ્ધાર્યા, અગણિત નરનારી

**(૨) આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી,**
**મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી**

(૩) નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી,
અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.

**૧૨.** | ૨ |

**૧૩.** વ્યાપકાનંદ સ્વામીએ કોનો જીવ લઈ ઘોડીને જીવતી કરી ?

(૧) માખી **(૨) મચ્છર** (૩) પતંગિયું **૧૩.** | ૨ |

**૧૪.** ચાર વેદોમાંનો ૧ વેદ

(૧) વચનામૃત (૨) શિક્ષાપત્રી **(૩) અથર્વ** **૧૪.** | ૩ |

**૧૫.** જન્મ-મરણના ચક્રમાં જીવ કયો સર્વોત્તમ દેહ ધારણ કરે છે ?

(૧) પશુનો (૨) વૃક્ષનો **(૩) મનુષ્યનો** **૧૫.** | ૩ |

**૧૬.** ઘનશ્યામ નાનપણમાં ક્યાં રહેતા હતા ?

**(૧) છપૈયા** (૨) અટલાદરા (૩) જેતલપુર **૧૬.** | ૧ |

**૧૭.** રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા ક્યાં આપી ?

(૧) જેતલપુર (૨) લોયા **(૩) પિપલાણા** **૧૭.** | ૩ |

**૧૮.** ધર્મદેવ ઘનશ્યામને નિત્ય શું શીખવતા ?

(૧) માળા **(૨) હિંદુ શાસ્ત્ર** (૩) તરણકલા **૧૮.** | ૨ |

**૧૯.** રાજા વજેસિંહે દરબારમાં લાડુદાનજને ગાતા સાંભળી શું કર્યું ?

(૧) ના ખુશ થયા (૨) ખુશ થયા અને ધન આપ્યું. **૧૯.** | ૩ |

**(૩) ખુશ થયા અને સોનાથી મઢવાનું વિચાર્યું**

**૨૦.** મૂળજી ભગતે ગામના વૃધ્ધોને શું કરતા જોયાં ?

**(૧) ગામના વૃધ્ધો ગામગપાટા કરતા હતા, કોઈપણ ભગવાનનું નામ લેતું ન હતું.** **૨૦.** | ૧ |

(૨) સર્વે વૃધ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.

(૩) સર્વે વૃધ્ધો પોતાના પૌત્રોને ભગવાનની વાતો કરતા હતા.

**૨૧.** સ્વામીબાપએ સંતના પ્રશ્નનો ઉત્તર આપ્યો, ત્યારે અંગ્રેજીમાં જવાબ કોણે આપ્યો ?

(૧) ધર્મચરણ સ્વામી **(૨) સ્વામીબાપા** (૩) ટાઈપ કર્યો **૨૧.** | ૨ |

**૨૨.** શિખરબધ્ધ મંદિરમાં થતી દિવસની પહેલી આરતી કઈ ?

**(૧) મંગળા** (૨) શયન (૩) રાજભોગ **૨૨.** | ૧ |

**૨૩.** એકાદશી કેટલી રીતે કરી શકાય ?

(૧) ૧ (૨) ૨ **(૩) ૩** **૨૩.** | ૩ |

**૨૪.** યોગીજી મહારાજે શેની સ્થાપના કરી ?

(૧) લાઈટબલ્બ **(૨) બાળમંડળ** (૩) કથાવાર્તા **૨૪.** | ૨ |

**૨૫.** આરતી ઉતારી જ્યોત પર કેટલીવાર પ્રદક્ષિણાની જેમ જળ ફેરવવાનું હોય ?

(૧) ૨ **(૨) ૩** (૩) ૪ **૨૫.** ૨

**૨૬.** ડુંગળી - લસણ અને હિંગ આપણે શા માટે ન ખવાય ?

(૧) રોગનું કારણ છે. **(૨) તે ખોરાક તામસી છે.** **૨૬.** ૨

(૩) તે આપણને મૃત્યુ આપે છે.

**૨૭.** હિમરાજ શાહ કયા પ્રસંગ દ્વારા સૌ પ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા ?

(૧) ગોપાળાનંદ સ્વામીએ માંગેલ ધર્માદા દ્વારા **૨૭.** ૨

**(૨) ગોપાળાનંદ સ્વામીની નાડી તપાસતા**

(૩) ગોપાળાનંદ સ્વામીની કથાવાર્તા દ્વારા

**૨૮.** પુનર્જન્મ પર સંશોધન કરનાર સંશોધનકાર કોણ છે ?

(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન **(૨) ઈઆન સ્ટીવનસન** (૩) કોપરનીક્સ **૨૮.** ૨

**૨૯.** એક નીચી જ્ઞાતિના ગરીબ વ્યક્તિને અંતકાળે (મૃત્યુસમયે) શેના દર્શન થયા ?

(૧) શ્રીજી મહારાજના કથા કરતા (૨) શ્રીજી મહારાજ રાસ રમતા **૨૯.** ૩

**(૩) શ્રીજી મહારાજની મૂર્તિ પીરસતા**

**૩૦.** સ્વામીબાપાની ૫૧મી જન્મજયંતિ વખતે ૧૧ દિવસનાં ઉત્સવ દરમિયાન કયા દિવસે સ્વામીબાપાએ નાની સેવા કરી ?

**(૧) છેલ્લા દિવસે** (૨) બીજા દિવસે (૩) પાંચમાં દિવસે **૩૦.** ૧

**૩૧.** માણસિયો ખુમાણના જીવનમાં નીચેનામાંથી કઈ ઘટના નહોતી ઘડી ?

(૧) રૂા. ૨ લાખ (૨૦૦,૦૦૦) બચત કરી **૩૧.** ૨

**(૨) નોકરીમાં પ્રગતિ મળી** (૩) ચોખ્ખો ધર્માદો કાઢતા

**૩૨.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ કયા સ્થળે ઉજવ્યો હતો ?

**(૧) પંચાળા** (૨) સારંગપુર (૩) વડતાલ **૩૨.** ૧

**૩૩.** રાજા વજેસિંહનો દરબાર ક્યાં હતો ?

**(૧) ભાવનગર** (૨) અમદાવાદ (૩) લંડન **૩૩.** ૧

**૩૪.** શ્રીજી મહારાજને તેમના ભક્તોએ ચાર લક્ષણથી ઓળખ્યા છે. નીચેનું કયું લક્ષણ તેમાંનું નથી ?

(૧) દિવ્યસ્વરૂપ (૨) સર્વોપરી **(૩) વિષ્ણુનો અવતાર** **૩૪.** ૩

**૩૫.** ૧૦૦ વર્ષ પૂર્વે, ઘનશ્યામ મહારાજની મૂર્તિ કયા ગામમાં પધરાવવાની હતી ?

**(૧) રામપુરા, સુરત** (૨) અમદાવાદ (૩) બોચાસણ **૩૫.** ૧

**૩૬.** વાછરડાંઓને કેટલા દિવસથી ખાવા નહોતું મળ્યું ?

(૧) ૧-૪ (૨) ૧ **(૩) ૨-૩** **૩૬.** ૩

**૩૭.** વર્તમાન ધરાવ્યા બાદ, ગળામાં શું ધારણ કરવામાં આવે છે ?

(૧) ફૂલહાર (૨) માળા **(૩) બે સરની કંઠી** **૩૭.** ૩

**૩૮.** પૂજામાં કેટલી માળા અને પ્રદક્ષિણા કરવી જોઈએ ?

(૧) ૬-૧૦ (૨) ૩-૧૧ **(૩) ૫-૧૧** **૩૮.** ૩

**૩૯.** બાળસભામાં શું ન કરવું જોઈએ ?

(૧) સભામાં ભાગ લેવો **(૨) અન્ય બાળકોને હેરાન કરવી** (૩) ધ્યાન આપવું. **૩૯.** ૨

**૪૦.** ક્યું શાસ્ત્ર સ્વામિનારાયણ સંપ્રદાયનું નથી ?

(૧) સ્વામીની વાતો **(૨) રામાયણ** (૩) વચનામૃત **૪૦.** **૨**

**૪૧.** વાઘા ખાચરની સર્વે ઉપાધિ ટળી ગઈ. તેમના ભૂંડા સ્વપ્ના અને દુર્ગુણો ટળી ગયા. જ્યારે તેમને.....

**(૧) નિરાવરણ સ્થિતિ થઈ** (૨) અંતરમાં શાંતિ થઈ (૩) બંને **૪૧.** **૧**

**૪૨.** મહંતે નીલકંઠ વર્ણીને મઠમાં રોકવા કેટલા રૂપિયા આપવાનો પ્રસ્તાવ મૂક્યો ?

(૧) ૧ રૂપિયો (૨) રૂ. ૫ લાખ **(૩) રૂ. ૧ લાખ** **૪૨.** **૩**

**૪૩.** કોણે શ્રીજી મહારાજને પૂછ્યું કે, 'મહારાજ તમે ડાબી બાજુથી જમણી તરફ શા માટે જોયું ?'

(૧) દાદા ખાચર (૨) ગુણાતીતાનંદ સ્વામી **(૩) મુક્તાનંદ સ્વામી** **૪૩.** **૩**

**૪૪.** સહજાનંદ સ્વામીએ કેટલા વરદાન માંગ્યા ?

(૧) ૩ **(૨) ૨** (૩) ૫ **૪૪.** **૨**

**૪૫.** ગાદી સોંપવાના પ્રસંગને શું કહેવામાં આવે છે ?

(૧) મંગલાચરણ (૨) સ્વાગત **(૩) પટ્ટાભિષેક** **૪૫.** **૩**

**૪૬.** કયા દેવ બ્રહ્માંડના સંચાલક નથી ?

**(૧) ગણેશ** (૨) વિષ્ણુ (૩) બ્રહ્મા **૪૬.** **૧**

**૪૭.** 'આ અમારે રહેવાનું અક્ષરધામ છે.' આ વાક્ય શ્રીજી મહારાજે કોને ઉદ્દેશીને કહ્યું ?

(૧) ગોપાળાનંદ સ્વામી **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) પોતાને **૪૭.** **૨**

**૪૮.** પ્રગટ સત્પુરુષ શું છે ?

(૧) સદ્‌ગુરુ (૨) સંત **(૩) મોક્ષનું દ્વાર** **૪૮.** **૩**

**૪૯.** મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પહેલા જીવ કેટલી જાતના દેહ ધારણ કરે છે ?

(૧) ૩૨ લાખ **(૨) ૮૪ લાખ** (૩) ૮૬ લાખ **૪૯.** **૨**

**૫૦.** ઘનશ્યામના મોટાભાઈનું નામ શું હતું ?

**(૧) રામપ્રતાપભાઈ** (૨) ઈચ્છારામ (૩) ધર્મદેવ **૫૦.** **૧**

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૨૦]**

**૧.** અહિંસાએ હિંદુ ધર્મના ઘણા બધા સિધ્ધાંતોમાંનો એક સિધ્ધાંત છે. **૧.** ✓

**૨.** ઉત્સવ પછી રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, 'સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. મેં ડુગડુગી વગાડી લીધી. મારું કામ હવે પૂરું થયું !' **૨.** ✓

**૩.** જામનગરના રાજા જામસાહેબ હતા. **૩.** ✓

**૪.** દાદાખાચરે ગોપાળાનંદ સ્વામી જેવી યોગની શક્તિ દર્શાવી હતી. **૪.** ✗

**૫.** ગૃહત્યાગ કર્યા બાદ ઘનશ્યામ સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા. **૫.** ✗

**૬.** આપણે (બી.એ.પી.એસ.) સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી છે. **૬.** ✓

**૭.** ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના ગુરુ બન્યા કારણકે તેમણે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના સમજાવી. **૭.** ✓

૮. શ્રીજી મહારાજે ક્યારેય પણ અનંત બ્રહ્માંડના જીવોની મુક્તિ માટે એક સાથે મનુષ્ય દેહ ધાર્યો નથી. ૮. ✗

૯. કુસંગરૂપી ઝેર પોતાની અસર તરત જ દર્શાવે છે. ૯. ✓

૧૦. પૂજામાં આપણે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસીએ છીએ. ૧૦. ✗

૧૧. વેદોમાં આત્મા-પરમાત્માનું જ્ઞાન હોતું નથી. ૧૧. ✗

૧૨. યોગીબાપાએ સંગીત અને સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી. ૧૨. ✓

૧૩. લાડુદાનજીની એક ઈચ્છા એ હતી કે શ્રીમદ્ ભાગવત કાળા કપડામાં વીંટેલું હોય. ૧૩. ✓

૧૪. બી.એ.પી.એસ. સંસ્થાની દેશ-વિદેશની પ્રવૃત્તિઓ, શાળા-છાત્રાલયોના બાંધકામ-સારસંભાળ તેમજ સંચાલન અને શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક સેવા કરવામાં આવે છે. ૧૪. ✗

૧૫. પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ મૂળજી શર્મા હતું. ૧૫. ✗

૧૬. ગોપાળાનંદ સ્વામી કહે છે કે સમગ્ર બ્રહ્માંડમાં શ્રીજી મહારાજની ઈચ્છા વિના સૂકુ પાંદડું હલવા સમર્થ છે. ૧૬. ✗

૧૭. કાવડ એ વાંસનું બનાવેલું વાહક છે. ૧૭. ✓

૧૮. શ્રીજી મહારાજ મધરાતે તેમના સ્વપ્નમાંથી જાગ્યા અને મુક્તાનંદ સ્વામીને તે સ્વપ્નની જાણ કરી. ૧૮. ✓

૧૯. દંડવત્ એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી માળા કરવી તે. ૧૯. ✗

૨૦. ગુણાતીતાનંદ સ્વામી જે અક્ષરબ્રહ્મ છે, તેમનો જન્મ ૧૭ ઓક્ટોબર, ૧૭૮૫ (વિક્રમ સંવત ૧૮૪૧, આસો સુદ પુનમ) અમદાવાદ, જામનગર જીલ્લામાં થયો હતો. ૨૦. ✗

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૨૦]**

૧. ચાર વેદો કયા છે ?

**જ. ચાર વેદો છે - સામવેદ, અથર્વવેદ, ઋગ્વેદ અને યજુર્વેદ.**

૨. સનાતન ધર્મનો પ્રસાર ક્યાંથી થયો ?

**જ. સિંધુ નદીના કાંઠે સનાતન ધર્મનું જ્ઞાન પ્રથમ પ્રસાર થયું.**

૩. નારાયણના પિતાએ રૂ. ૫૦૦ ક્યાં સંતાડ્યા હતા ?

**જ. નારાયણના પિતાએ હવેલીના મુખ્ય ઓરડાના ત્રીજા પાટડામાં ૫૦૦ રૂપિયા સંતાડ્યા હતા.**

૪. ઘનશ્યામ માછીમાર પર શા માટે ગુસ્સે થયા ?

**જ. મીન સરોવરમાંથી માછલીઓ પકડતા માછીમારને જોઈને ઘનશ્યામ મહારાજ ગુસ્સે થયા.**

૫. માછીમારને શા માટે એવું લાગ્યું કે તેને નવું જીવન મળ્યું ?

જ. **ઘનશ્યામે તેને પોતાના દુર્ગુણ અને પાપોથી શુધ્ધ કરી દીધા હતા.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૧૦]**

૧. નારાયણ સુખદાતા........................ કોટિ ગયા કાશી.

જ. **નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)**
**પામર પતિત ઉધ્ધાર્યા (૨) અગણિત નરનારી... જય.**
**નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી... જય.**

૨. રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના.

જ. **હે મહારાજ, હે સ્વામી ! હે મહંત સ્વામી મહારાજ ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુધ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતા-પિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

૩. વંદુ શ્રી હરિને................................ કલ્યાણદાતા તમે.

જ. **વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને,**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

૪. સેવા તો પોતાની ....................... અવગુણ લેવો.

જ. **સેવા તો પોતાની શ્રધ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો.**

૫. ગુરુ બ્ર્હ્મા .................................... ગુરવે નમઃ

જ. **ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** હિંદુ એટલે **(પાઠ નં. ૧)**

**૨.** BAPS (બી.એ.પી.એસ.) સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** સિંહને વશ કર્યો **(પાઠ નં. ૫)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**